# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની મોસ્કો યાત્રા દરમિયાન આજે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે.
- ✓ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરિક્ષા સંસ્થા- એનટીએને નીટ યુજી પેપર ગેરરિતી કેસમાં અહેવાલ નિર્દેશ કર્યો
- ✓ જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આતંકવાદી હુમલામાં પાંચ જવાનો શહીદ જ્યારે પાંચ ગંભીર રીતે ઈજાગ્રસ્ત
- ✓ આગામી 4 દિવસ દરમિયાન મધ્ય, ઉત્તરપૂર્વ અને પૂર્વોત્તરના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- ✓ મહિલા ક્રિકેટ ટી-20 શ્રેણીમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મેચ રમાશે
- ✓

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM RUSSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોસ્કોમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ભારત અને રશિયા વચ્ચેની 22મી વાર્ષિક શિખર સંમેલનની સહ અધ્યક્ષતા કરશે. વાર્ષિક સમિટ દરમિયાન, પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ પુતિન સંરક્ષણ, વેપાર સંબંધો, રોકાણ સંબંધો, ઉર્જા સહયોગ, શિક્ષણ, સંસ્કૃતિ અને લોકો-થી-લોકોના સંપર્કો સહિતના દ્વિપક્ષીય મુદ્દાઓની સમીક્ષા કરશે. તેઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર એકબીજાના અભિપ્રાયો રજૂ કરશે. બંને નેતાઓ BRICS, શાંઘાઈ સહકાર સંગઠન, G20, પૂર્વ એશિયા સમિટ અને સંયુક્ત રાષ્ટ્ર જેવા જૂથોમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા પણ કરશે.

શ્રી મોદી રશિયા અને ઓસ્ટ્રિયાની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે ગઈકાલે સાંજે મોસ્કો પહોંચ્યા હતા. આગમન પર, પ્રધાનમંત્રીનું રશિયાના નાયબ પ્રધાનમંત્રી ડેનિસ માન્તુરોવ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ પુતિને ગઈકાલે સાંજે પ્રધાનમંત્રી માટે ખાનગીરાત્રિ ભોજનનું આયોજન પણ કર્યું હતું.

પ્રધાનમંત્રી મોદી આજે રશિયામાં ભારતીય સમુદાય સાથે પણ વાત કરશે. તે ક્રેમલિનમાં સૈનિકોને પુષ્પાંજલિ અર્પણ કરશે અને મોસ્કોમાં પ્રદર્શન સ્થળ પર રોસાટોમ પેવેલિયનની મુલાકાત લેશે. અને ત્યારબાદ પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત મંત્રણા યોજાશે. બે રાષ્ટ્રોની મુલાકાતના બીજા તબક્કામાં પ્રધાનમંત્રી આજે ઓસ્ટ્રિયાની મુલાકાતે જશે. પ્રધાનમંત્રીની ઓસ્ટ્રિયાની આ પ્રથમ મુલાકાત હશે. તેઓ ઓસ્ટ્રિયાના ચાન્સેલર સાથે પ્રતિનિધિમંડળની મંત્રણા કરવા ઉપરાંત ઉચ્ચ સ્તરીય વેપાર વાટાઘાટ પણ કરશે.

# SC NEET-UG CASE

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરિક્ષા સંસ્થા- એનટીએને નીટ યુજી પેપર ગેરરિતી કેસમાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. અદાલતે સીબીઆઇને આ કેસમાં તેણે અત્યાર સુધી કરેલી તપાસ અંગેનો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા પણ નિર્દેશ આપ્યો છે. અદાલતે એનટીએ, કેન્દ્ર સરકાર અને સીબીઆઇને આવતીકાલે તેમનાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. આ કેસમાં વધુ સુનાવણી ગુરૂવારે થશે.

નીટ યુજી પરિક્ષામાં ગેરરિતી અને અનિયમિતતા થઈ હોવાનો આક્ષેપ કરતી અને નવેસરથી પરિક્ષા લેવાનો નિર્દેશ આપવાની માંગણી કરતી સંખ્યાબંધ અરજીઓ પર મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડ પીઠ સુનાવણી કરી રહી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, પરિક્ષાની પવિત્રતા સાથે સમાધાન થયું છે તેમાં કોઈ શંકા નથી. તેમણે જણાવ્યું કે, પુનઃ પરિક્ષાનો આદેશ આપતા પહેલાં કેટલાં પ્રમાણમાં પેપર લીક થયા છે તે જાણવું જરૂરી છે. અદાલતે જણાવ્યું કે, પરિક્ષા રદ કરવી એ અંતિમ ઉપાય છે..

# MORN. NADDA-KERALA VISIT

ભારતીયજનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા લોકસભાની ચૂંટણી બાદ આજે કેરળની મુલાકાત લેશે. તેઓ તિરુવનંતપુરમમાં રાજ્ય ભાજપની વિસ્તૃત કાર્યકારી બેઠક અને અન્યમુખ્ય બેઠકોમાં ભાગ લેશે.

તાજેતરની લોકસભા ચૂંટણીમાં ભાજપે કેરળમાં માત્ર પોતાનું ખાતું જ નથી ખોલ્યું પરંતુ તેનો વોટશેર પણ વધાર્યો છે. અને અભિનેતા સુરેશ ગોપીએ થ્રિસુર લોકસભા બેઠક પર 72 હજારથી વધુ મતોથી જીત મેળવીને ભાજપે એક સીમાચિહ્ન હાંસલ કર્યું. આ જીત કેરળમાં ભાજપ પક્ષને પહેલીવાર લોકસભા બેઠક જીતીને ચિહ્નિત કરે છે. શ્રી નડ્ડાની મુલાકાત આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ અને વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનાત્મક દ્રષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે..

# RAHUL-GANDHI-IMPHAL-VISIT

વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ મણિપુરના લોકોને હિંસા બંધ કરીને શાંતિથી રહેવાની અપીલ કરી હતી. રાહુલ ગાંધી વિવિધ રાહત શિબિરોમાં આશ્રય લઈ રહેલા હિંસાગ્રસ્ત પરિવારોને પણ મળ્યા હતા. અને ઇમ્ફાલમાં મીડિયાને સંબોધિત કર્યા હતા અને મણિપુરના લોકોને હિંસા બંધ કરવા અને શાંતિથી સાથે રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે મણિપુરની તેમની મુલાકાત રાજકીય રીતે પ્રેરિત નથી અને તેમણે પીડિત પરિવારોના દુઃખ અને દર્દને સાંભળવા માટે રાજ્યની મુલાકાત લીધી હતી. તેમણે આશ્વાસન પણ આપ્યું કે તેઓ રાજ્યમાં હિંસાનો સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવવા માટે સખત પ્રયાસ કરશે..

# PRESIDENT--CLIMATE.RTF

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આબોહવા પરિવર્તન પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે દેશમાં આ ઉનાળામાં ભારે ગરમીનો સામનો કરવો પડ્યો છે અને તાજેતરના વર્ષોમાં સમગ્ર વિશ્વમાં ભારે હવામાનની ઘટનાઓ વધી છે. તેમણે લોકોને પર્યાવરણની જાળવણી માટે સરકાર અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રયાસોને સમર્થન આપવા માટે પણ આહ્વાન કર્યું હતું.

રાષ્ટ્રપતિ ઓડિશાની ચાર દિવસીય મુલાકાતે ગયા હતા અને રથયાત્રા અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ પછી તેણે સોશિયલ મીડિયા પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.  આ પછી, રાષ્ટ્રપતિએ ભુવનેશ્વર નજીકના એક ગામમાં બ્રહ્મ કુમારીના ડિવાઇન રી ટ્રીટસેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. રાષ્ટ્રપતિએ ભુવનેશ્વરમાં વિશ્વ પ્રસિદ્ધ ઉદયગીરી ગુફાઓની પણ મુલાકાત લીધી હતી..

# JAMMU AND KASHMIR, JCO

જમ્મુ અને કાશ્મીરમાં, ગઈકાલે જમ્મુ વિભાગના કઠુઆ જિલ્લામાં આતંકવાદી હુમલામાં જૂનિયર કમિશન અધિકારી સહિત પાંચ જવાન શહિદ થયા છે અને પાંચ અન્ય ઘાયલ થયા છે. આકાશવાણીના અમારા જમ્મુ સંવાદદાતા જણાવે છે કે આ હુમલો કઠુઆ જિલ્લાના બદનોટા ગામમાં થયો હતો. ઘાયલ જવાનોને અદ્યતન સારવાર માટે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બિલ્લાવરમાં ખસેડવામાં આવ્યા છે. આતંકવાદીઓએ ગ્રેનેડ ફેંક્યો અને પછી પેટ્રોલિંગમાં રહેલા સેનાના વાહનો પર ઓટોમેટિક હથિયારોથી ગોળીબાર કર્યો હતો..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# MAHARASHTRA RAIN

હવામાન વિભાગે મુબંઈ સહિત મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ગઈકાલે વરસાદને પગલે મુંબઇના અનેક વિસ્તારો જળમગ્ન બન્યા હતા. મુંબઈમાં હવાઇ, ટ્રેન અને વાહનવ્યવહારને અસર થવા પામી. આ તરફ રાયગડ, રત્નાગિરી, સિંધુદુર્ગ, પુણે, સતારા, કોલ્હાપુર અને બુલ્દાના જિલ્લામા ભારે વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ છે.

વરસાદને પગલે મહારાષ્ટ્ર વિધાનસભાના બંન ગૃહોની કાર્યવાહી પણ સ્થગિત રખાઈ હતી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે તમામ જિલ્લાઓમાં એજન્સીઓ અલર્ટ પર છે. હવામાન વિભાગે મુબંઈ, રાયગડ, રત્નાગિરી જિલ્લામાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ જાહેર કર્યું છે.

# IMD--WEATHER.RTF

ભારતીયહ વામાન વિભાગે આગામી 4 દિવસ દરમિયાન મધ્ય, ઉત્તરપૂર્વ અને પૂર્વ ભારતના ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે 12 જુલાઈ સુધી સબ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે.

દરમિયાન, આગામી 5 દિવસ દરમિયાન ગંગાના પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઓડિશામાં હળવાથી મધ્યમ વરસાદ પડશે. ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં, આગામી 2 દિવસ દરમિયાન ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના ભાગોમાં મધ્યમ વરસાદ પડશે. 12 જુલાઈ સુધી ગોવા, કોંકણ, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર અને કોસ્ટલ કર્ણાટકમાં પણ મધ્યમ વરસાદ પડશે. જ્યારે હવામાન વિભાગે આગામી 4 દિવસ દરમિયાન કેરળ, લક્ષદ્વીપ, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા, આંતરિક કર્ણાટક, તમિલનાડુ અને પુડુચેરીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે..

# ASSAM-FLOOD

આસામમાં આવેલા પૂરની સ્થિતિમાં થોડો સુધારો થયો છે, પરંતુ 27 જિલ્લાના 22 લાખથી વધુ લોકો હજુ પણ પૂર સામે ઝઝૂમી રહ્યા છે. રાજ્યભરના 91 મહેસૂલી વિભાગોના ત્રણ હજાર એકસોથી વધુ ગામો પૂરથી પ્રભાવિત છે અને 59 હજાર હેક્ટરથી વધુ પાક વિસ્તારને નુકસાન થયું છે. NDRF અને SDRF ની ટીમોએ ગઈકાલે 218 લોકોને બચાવ્યા હતા.

બ્રહ્મપુત્રા, બરાક અને તેની તમામ ઉપનદીઓ ખતરાની સપાટીથી ઉપર વહી રહી છે. ગઈકાલે પૂરને કારણે 127 રસ્તાઓ અને બે પુલને પણ નુકસાન થયું હતું. રાજ્ય સરકારે 245 રાહત શિબિરો અને 298 રાહત વિતરણ કેન્દ્રો ખોલ્યા છે. 53 હજારથી વધુ લોકો રાહત શિબિરોમાં છે. અને પૂર સંબંધિત ઘટનાઓમાં મૃત્યુ આંક 72 પર પહોંચી ગયો છે.

# UP-FLOOD

ઉત્તરપ્રદેશમાં 6 જિલ્લાના 200થી વધુ ગામો પૂરથી પ્રભાવિત છે. પૂર પ્રભાવિત વિસ્તારોમાં આજે શાળા-કોલેજો બંધ છે. NDRS, SDRF અને પીએસીની ફ્લડ બટાલિયનની ટીમોને પૂરપ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી માટે તૈનાત કરવામાં આવી છે. પીલીભીતમાં ફસાયેલા લોકોને બચાવવા માટે એરફોર્સ કાર્યરત છે.

# MORN.-IND-SA-WOMEN-CRICKET.RTF

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. દક્ષિણ આફ્રિકા પ્રથમ મેચ 12 રને જીત્યા બાદ શ્રેણીમાં 1-0થી આગળ છે. જ્યારે બીજી મેચ વરસાદને કારણે રદ્દ કરવામાં આવી હતી. હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય ટીમ આ મેચ જીતીને શ્રેણીમાં બરાબરી કરવાનો પ્રયાસ કરશે..

# GAGAN-NARANG-PARIS-OLYMPICS.RTF

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનેએ ચાર વખતના ઓલિમ્પિયન અને 2012 ઓલિમ્પિક ગેમ્સમાં પુરુષોની 10 મીટર એર રાઈફલમાં કાંસ્ય ચંદ્રક વિજેતા ગગન નારંગને 26 જુલાઈથી શરૂ થનારી 2024 પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય દળના શેફ-ડી-મિશન તરીકે નિયુક્ત કર્યા છે.

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ ડૉ.પી.ટી. ઉષાએ આજે કહ્યું હતું કે મેરી કોમના રાજીનામા પછી ગગન નારંગને ડેપ્યુટી શેફ-ડી-મિશન તરીકે નિયુક્ત કર્યા છે. ડો.ઉષાએ કહ્યું કે બે ઓલિમ્પિક ચંદ્રકજી તનારી ભારતની એકમાત્ર મહિલા પી.વી. સિંધુ ઉદ્ઘાટન સમારોહમાં ટેબલ ટેનિસ ખેલાડી એ.શરથ કમલ સાથે મહિલા ધ્વજ ધારક હશે. .

# AMARNATH-YATRA---JAMMU.RTF

પવિત્ર અમરનાથ ગુફા માટે જમ્મુના ભગવતીનગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર ખીણમાં 5 હજાર 430 તીર્થયાત્રીઓનો બીજો સમૂહ રવાના થયો હતો. આજે સવારે 213 વાહનોના કાફલામાં યાત્રાળુઓ રવાના થયા હતા.

આ ગ્રુપમાં 4 હજાર 20 પુરૂષો, 1 હજાર 117 મહિલાઓ, 18 બાળકો, 83 સાધુ અને 12 સાધવીઓનો સમાવેશ થાય છે. તેમાંથી 1હજાર 970 યાત્રીઓ સવારે 3 વાગ્યાની આસપાસ બાલતાલ જવા રવાના થયા હતા અને 3 હજાર 462 તીર્થયાત્રીઓ સવારે 4 વાગે પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા. પવિત્ર ગુફાની આગળની યાત્રા બાલતાલ અને પહેલગામ કેમ્પથી શરૂ કરવામાં આવશે..